# ધાનેરા નગરપાલિકાના પ્રમુખ પતિએ દબાણ કરી જગ્યા ભાડે આપી

## વેપારીઓ દ્વારા રજૂઆત કરવા છતાં પણ પાલિકાના સત્તાધિશો આંખ આડા કાન કરે છે : વેપારીઓ

ધાનેરા, તા. ૨૧

ધાનેરામાં ગઈકાલે ગરીબોના લારી-ગલ્લા ઉઠાવી લેતા ધાનેરાના લોકો પાલિકા સામે ફિટકાર વરસાવી દબાણ કરી જગ્યાને ભાડે આપી દેવામાં આવી છે. આજથી થોડા સમય પહેલા પાલિકાના ઈન્ચાર્જ પ્રમુખ જગદીશ ઠક્કર દ્વારા આ ધાનેરા નગરપાલિકાના પ્રમુખ પતિ નટવરભાઈ પટેલ દ્વારા ભારે દબાણ કરી જગ્યાને ભાડે આપી દેવામાં આવી છે ત્યારે ગરીબ લોકો કહી રહ્યા છે કે



રહ્યા છે અને ગરીબ લોકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે ત્યારે આજે ધાનેરામાં ચોરે ને ચૌટે એક જ વાત સાંભળવા મળી રહી છે કે ધાનેરા મધુસુદન માર્કેટ પાછળ જ્યાં શોપિંગ પાર્કિંગ આવેલું છે ત્યાં વર્ષોથી પાલિકા પ્રમુખના પતિ નટવરભાઈ પટેલ દ્વારા શોપિંગમાં મિટિંગ યોજવામાં આવી હતી અને તે મિટિંગમાં પણ વેપારીઓ દ્વારા આ દબાણ બાબતે રજૂઆત કરવામાં આવી હતી છતાં પણ પાલિકાના સત્તાધીશો દ્વારા આંખ આડા કાન કરી રહ્યા છે.

ધાનેરા મધુસુદન માર્કેટ પાછળ પાલિકાના સત્તાધીશોને અમારી લારી દબાણમાં દેખાય છે પણ પ્રમુખ પતિએ કરેલુ દબાણ નથી દેખાતુ જો દબાણ હટાવવુંહોય તો પહેલા તે દબાણ હટાવે ગરીબ લોકો બનાસકાંઠા જિલ્લાના કલેક્ટરને પણ અપીલ કરી રહ્યા છે પ્રમુખ પતિએ કરેલુ દબાણ ખુલ્લુ કરાવે.

# બનાસકાંઠામાં મેડિકલ કોલેજ માટે આરોગ્ય પ્રધાને સિવિલ હોસ્પિટલમાં રીવ્યુ બેઠક યોજી

પાલનપુર, તા. ૨૧

આરોગ્ય પ્રધાન શંકરભાઈ ચૌધરીએ આજે જિલ્લા મથક પાલનપુરમાં આવેલ મુખ્ય સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. મંત્રી અને સિવિલ સર્જન અને સ્ટાફ સાથે મિટિંગ કર્યા બાદ સિવિલ હોસ્પિટલના તમામ વોર્ડનું નિરીક્ષણ કર્યું હતું. રાજ્ય સરકારે તાજેતરમાં રાજ્યમાં છ મેડિકલ બનાવવાની જાહેરાત કરી હતી. જેમાં એક મેડિકલ કોલેજ સરહદી બનાસકાંઠા જિલ્લામાં બનવાની છે જેની તૈયારીના ભાગરૂપે પાલનપુરના સિવિલ હોસ્પિટલની મુલાકાત લઈ સિવિલના અધિકારીઓ સાથે બેઠક કરી મેડિકલ કોલેજ અંગેની જાણકારી મેળવી હતી.

આરોગ્ય પ્રધાન શંકરભાઈ ચૌધરી મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા મેડિકલ કોલેજની જાહેરાત બાદ સિવિલ સ્ટાફ સાથે રીવ્યુ બેઠક કરી એમસીઆઈની તાત્કાલિક ધોરણે મંજુરી લીધા બાદ ઝડપભેર કામ કરવા રાજ્યની આરોગ્યની ટીમ કટીબદ્ધ છે. આરોગ્ય પ્રધાન શંકરભાઈ ચૌધરી મીડિયા સાથેની વધુ વાતચીતમાં જણાવ્યું હતું કે સરહદી બનાસકાંઠા જિલ્લો કુદરતી સંપત્તિઓ સાથે જોડાયેલો આ જિલ્લો છે. આગામી ૨૪ના રોજ મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે એ સીમા દર્શન માટે નડાબેટ બોર્ડર પર જીરો પોઈન્ટ સુધી જઈ શકાય તે માટે પ્રવાસન સ્થળને ખુલ્લો મુકવામાં આવશે તેમજ આવનારા સમયમાં પ્રવાસન સ્થળ તરીકે બનાસકાંઠા જિલ્લો નવું નજરાણું દુનિયા માટે બની જશે.




## પ્રાંતિજની પી.એન્ડ.આર. હાઈસ્કૂલનું ગૌરવ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ શેઠ પી.એન્ડ આર. હાઈસ્કૂલના વિદ્યાર્થી કક્ષ અલ્પેશભાઈ પટેલનું આંતરરાષ્ટ્રીય કક્ષાએ શ્રીલંકા ખાતે રમવા માટે સિલેક્શન થયું છે. ડ્રાપ રો બોલ સ્પર્ધા તા. ૩૦-૧૧-૨૦૧૬ના રોજ યોજાઈ હતી. જેમાં રાજ્યકક્ષાના યુ-૧૯ માટેમાં શેઠ પી.એન્ડ.આર. હાઈસ્કૂલ ચેમ્પિયન બની હતી. જેમાં શેઠ પી.એન્ડ.આર. હાઈસ્કૂલના ૪ વિદ્યાર્થીઓનું નેશનલમાં સિલેક્શન થયું હતું જ્યારે કક્ષ અલ્પેશભાઈ પટેલનું આંતરરાષ્ટ્રીય કક્ષાએ શ્રીલંકા ખાતે રમવા જવા માટે સિલેક્શન થતાં પ્રાંતિજ શેઠ પી.એન્ડ.આર. હાઈસ્કૂલનું ગૌરવ વધ્યું છે ત્યારે શાળાના આચાર્ય મીઠાભાઈ પટેલ તથા પી.ટી. શિક્ષક બચુભાઈ, જીતુભાઈ રાવલ તથા સ્ટાફ દ્વારા ભાગ લેનાર વિદ્યાર્થીને અભિનંદન પાઠવ્યા હતા.



## અરવલ્લી જિલ્લામાં ૬ બી.આર.સી. અને ૧૪૦ સીઆરસીના સામૂહિક રાજીનામા

શિક્ષણ વિભાગ દ્વારા બીઆરસી અને સીઆરસીના રીવ્યુ કરી પ્રતિ નિયુકિત રદ કરવાના હુકમો રદ કરવામાં આવ્યા છે. જે અંતર્ગત જિલ્લામાં બે બીઆરસી અને ૪૫ સીઆરસીને છૂટા કરાતા શિક્ષણ જગતમાં રોષ ભભૂકી ઉઠયો છે. તંત્રના આ નિર્ણય સામે અરવલ્લી જિલ્લાના ૬ બીઆરસી અને ૧૪૦ સીઆરસીએ સામૂહિક રાજીનામા ધરી દીધા હતા. તમામ રાજીનામા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘને સુપ્રત કરી માતૃભાષામાં પરત શિક્ષક તરીકે મુકવામાં આવે તેવી માંગ કરી હતી. આગામી સમયમાં ગુણોત્સવની કામગીરીને ચોકકસપણે સામૂહિક રાજીનામાની અસર પહોંચશે તેમ શિક્ષકોએ જણાવ્યું હતું.

## ખેડબ્રહ્મા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં યુવક મહોત્સવનો થનગનાટ

ખેડબ્રહ્મા, તા. ૨૧

ખેડબ્રહ્માની ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ તાજેતરમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા યોજાયેલ ૨૮મા યુવક મહોત્સવ 'થનગનાટ' ૨૦૧૬માં ભાગ લઈને સફળતા હાંસિલ કરી છે. જેમાં કોલેજ દ્વારા ભાગ લીધેલ 'યુવાકૂચ'માં પ્રથમ ક્રમે અને 'સ્કીટ'માં દ્વિતીય ક્રમે રહીને કોલેજ-સંસ્થાનું ગૌરવ વધારેલ છે. કોલેજની વિદ્યાર્થીની કુ. જીનેશી મોંઘજીભાઈ ચૌધરી વેસ્ટ ઝોન આંતર કોલેજ યુનિવર્સિટી યુવક મહોત્સવમાં 'સ્કીટ' માટે પસંદગી થવા પામી છે. આ સિદ્ધિ માટે કોલેજના પ્રિન્સિપાલ એન.ડી. પટેલ અને કોલેજ પરિવાર આ યુવક મહોત્સવમાં ભાગ લેનાર તમામ કોલેજના સ્પર્ધક વિદ્યાર્થીઓને અને ટીમ મેનેજર તેમજ સાંસ્કૃતિક વિભાગને હૃદયપુર્વક અભિનંદન પાઠવે છે.

## ખેડબ્રહ્મા કોલેજમાં ડિજીટલ બેન્કિંગ વિશે કાર્યક્રમ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૨૧

ડી.ડી. ઠાકર આર્ટસ એન્ડ કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મામાં તાજેતરમાં એન. એસ. એસ. વિભાગમાં ઉપક્રમે ડિજીટલ બેન્કિંગ અવેરનેસ વિશેનો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં એસ.બી.આઈ. શાખા, ખેડબ્રહ્માના શાખા પ્રબંધક શ્રી હરીશ કોઠારી અને શ્રી રાજીવ ગુપ્તા ખાસ ઉપસ્થિત રહીને કોલેજના વિદ્યાર્થીઓ અને કોલેજ સ્ટાફને ડીજીટલ બેન્કિંગ કેવી રીતે કરવું એ વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ સંદર્ભે કોલેજ સ્ટાફ અને વિદ્યાર્થીઓ તરફથી કરાયેલા કેટલાક પ્રશ્નોનું સંતોષકારક સમાધાન કરાયું હતું. આ કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કોલેજના પ્રા. ડૉ. એ. બી. બ્રહ્મભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. કે.એન. બલોચ અને આભારવિધિ પ્રા. ડૉ. હેમંત સુથારે કરી હતી.

# 'પુલ નહીં તો ચૂંટણી નહીં...' મોડાસાના લચ્છાઈ ગ્રામજનોનો ઉગ્ર મિજાજ

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના લચ્છાઈ ગામના ગ્રામજનો



ચોમાસાની શરૂઆત થતાની સાથે જ ચિંતામાં ગરકાવ થઈ જાય છે. લચ્છાઈ ગામની ભુગોળ પરિસ્થિતિ જોતા એક બાજુ નદી અને નજીક ડુંગર આવેલો છે. ગામમાં પ્રવેશવાનો એકમાત્ર માર્ગે વરસાદની સાથે જ બંધ થઈ જતા ગ્રામજનોની હાલત કફોડી બની જાય છે અને દુનિયાથી વિખુટી પડી જાય છે. ગ્રામજનોની સરકારી તંત્રમાં અને રાજકારણીઓ સમક્ષ વારંવાર રજૂઆત કરવા છતાં પુલ બનાવવાની કામગીરી ન થતા બુધવારે લચ્છાઈ ગામના ગ્રામજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી તેમની સમસ્યાનું તાત્કાલિક નીરાકરણ લાવવા અરવલ્લી જિલ્લા નાયબ કલેક્ટરને રજૂઆત કરી વર્ષો જુની સમસ્યા હલ નહિ થાય તો ગ્રામજનો આગામી સમયમાં યોજાનારી તમામ ચૂંટણીઓનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

# ગાંઠિયોલ ગામે જેસીંગબાપા મંદિરમાં મૂર્તિ પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

ભિલોડા,તા.૨૧

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના ગાંઠિયોલ ગામમાં ભેસકા નદી કિનારે નયનરમ્ય વાતાવરણમાં પવિત્ર પાવન ભુમિ ગાંઠિયોલ ગામમાં સદ્‌ગુરૂ શ્રીમદ્ જેસીંગબાપા મંદીરમાં મુર્તી પ્રાણ પ્રતિષ્ઠાનો ત્રિ-દિવસીય મહોત્સવ ધામધુમથી યોજાયો હતો. આ પ્રસંગે અંદાજીત એક લાખથી વધુ ભાવિક ભક્તો,મુમુક્ષુઓના ઘોડાપુર દર્શનાર્થે ઉમટ્યા હતા. સદ્‌ગુરૂ શ્રીમદ્ જેસીંગબાપા મંદીરમાં મુર્તી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં શ્રીમદ્ રામજીબાપા, શ્રીમદ્ જેસીંગબાપા, શ્રીમદ્ નાથુબાપા અને સ્મૃતિ મંદીરમાં ત્રિ-દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ કાર્યક્રમ ધામધુમથી યોજાયો હતો. ભાવિક ભક્તો, મુમુક્ષુઓ દુર-દુરથી મોટી સંખ્યામાં ઘોડાપુર દર્શનાર્થે ઉમટ્યા હતા. ભાવિક ભક્તો, મુમુક્ષુઓએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ગાંઠિયોલમાં સદ્‌ગુરૂ શ્રીમદ્ જેસીંગબાપા મંદીરમાં મુર્તી પ્રાણ પ્રતિષ્ઠાનો ત્રિ-દિવસીય મહોત્સવ દરમ્યાન ભાવિક ભક્તો, મુમુક્ષુઓએ મહાપ્રસાદીનો લાભ લીધો હતો.

આ પ્રસંગે જ્ઞાનાનંદજી મહારાજ રેવાસ, લાલજી મહારાજ વક્તાપુર,હિરાભાઈ પટેલ રામદેવ ઉપાસક મોટી ઈસરોલ, પરમ પુજ્ય



શાસ્ત્રીજી મહારાજ, સંતો, મહંતોએ ભાવિક ભક્તો, મુમુક્ષુઓને ભક્તિમય રસપાન કરાવ્યું હતું. સદ્‌ગુરૂ શ્રીમદ્ જેસીંગબાપા મંદીરમાં મુર્તી પ્રાણ પ્રતિષ્ઠાનો ત્રિ-દિવસીય મહોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા રમેશભાઈ દેસાઈ, જીતુભાઈ પટેલ, ભવજીભાઈ પટેલ, ભરતભાઈ પટેલ, યોગેશભાઈ પટેલ, શીવુભાઈ પટેલ, સંજયભાઈ દેસાઈ, ફલજીભાઈ પટેલ સહિત ભાવિક ભક્તો, મુમુક્ષુઓ,ગ્રામજનો સેવાભાવી કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

આ પ્રસંગે સાંસદ દિપસિંહ રાઠોડ, જીલ્લા ભાજપ સંઘઠન પ્રમુખ જે.ડી.પટેલ, પુર્વ મંત્રી-થરાદ-ધારાસભ્ય પરબતભાઈ પટેલ, હિંમતનગર સાબર ડેરી ચેરમેન જેઠાભાઈ પટેલ, ધી સાબરકાંઠા ડિસ્ટ્રીકટ કો.ઓ.બેંક લી. ચેરમેન મહેશભાઈ પટેલ, સાબરકાંઠા જીલ્લા ખરીદ-વેચાણ સંઘ લી. ચેરમેન જયંતીભાઈ પટેલ, વા.ચેરમેન હસમુખભાઈ પટેલ સહિત રાજકીય, સહકારી ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રવિવારે દગાવાડીયા ખાતે સ્નેહમિલનમાં મુખ્યમંત્રી ઉપસ્થિત રહેશે

મહેસાણા, તા. ૨૧

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના દગાવાડીયા ગામે ચૌધરી સમાજના સ્નેહમિલન કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ૨૫ ડિસેમ્બરને રવિવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ઉપસ્થિત રહેનાર છે. આ દિવસે દગાવાડીયા ગામે ચૌધરી સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાશે. આ સમારોહમાં અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહેનાર છે.

## વિસનગર એસ.કે. પટેલ યુનિ. કેમ્પસ ખાતે રમોત્સવ કાર્યક્રમ યોજાશે

મહેસાણા, તા. ૨૧

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા ૨૩ અને ૨૪ ડિસેમ્બરના રોજ ૨૯મો રમોત્સવ કાર્યક્રમ વિસનગર સાંકળચંદ પટેલ યુનિવર્સિટી કેમ્પસ ખાતે યોજાશે. આ રમોત્સવમાં ૨૩ ડિસેમ્બરના રોજ કાર્યક્રમમાં સવારે ૯.૦૦ કલાકે રાજ્યના વાહન વ્યવહાર મંત્રી વલ્લભભાઈ કાકડીયા તેમજ જી.એસ.આર.ટી.સી.ના વહીવટી સંચાલક વિજય નેહરા ઉપસ્થિત રહેનાર છે.

આ ઉપરાંત ૨૪ ડિસેમ્બરના રોજ સાંજે ૪.૦૦ કલાકે ઈનામ વિતરણ સમાપન સમારોહ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં બોર્ડ ઓફ ડિરેક્ટરો ઉપસ્થિત રહેનાર છે. રમોત્સવમાં ઉપસ્થિત રહેવા જી.એસ.આર.ટી.સી.ના મુખ્ય કામદાર અધિકારી કે.ડી. દેસાઈ અને વિભાગીય નિયામક એન.કે. પટેલે નિમંત્રણ પાઠવેલ છે.

## મહેસાણા જિલ્લામાં નગરપાલિકા વિસ્તારના સેવા સેતુ કાર્યક્રમ યોજાશે

મહેસાણા, તા. ૨૧

મહેસાણા નગરપાલિકા વિસ્તારનો સેવા સેતુ કાર્યક્રમ ૨૩ ડિસેમ્બર ૨૦૧૬ના રોડ કડી ટાઉનહોલ ખાતે, ઊંઝા મોલ્લોત પાર્ટની વાડી ખાતે અને મહેસાણા નગરપાલિકા સિવિક સેન્ટર ટી.બી. રોડ ખાતે યોજાશે. સેવા સેતુ કાર્યક્રમ સવારે ૯.૦૦ કલાકે યોજાશે.

## મોડાસામાં નેત્ર યજ્ઞ યોજાયો

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં અન્નપૂર્ણા ટ્રસ્ટ અને એન.જી.ઓ. તેમજ ખાનગી ફાયનાન્સોના સહાયથી નેત્રયજ્ઞ યોજાયો હતો. નિઃશુલ્ક નેત્રયજ્ઞમાં મોડાસા શહેર અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાંથી ૧૨૫થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો. નેત્રયજ્ઞમાં આંખની તપાસ કરાવનાર જરૂરી જણાતા મોતીયાના દર્દીને નિષ્ણાત તબીબો પાસે નેત્રમણી અને મોતિયાના ઓપરેશન મફતમાં કરી આપવામાં આવશે. ૧૨૫ દર્દીઓને મફત દવા અને ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. આંખની ગંભીર બિમારીથી પીડાતા દર્દીઓને અમદાવાદ બારેજા અંધજન મંડળ દ્વારા અત્યાધુનિક સારવાર આપી દૃષ્ટિ પાછી અપાવવા કટિબધ્ધ હોવાનું જણાવ્યું હતું.



## દિલ્હીથી નિકળેલી જન જાગૃતિ સાયકલ યાત્રા મોડાસામાં પહોંચી

ચાઈલ્ડ અગેઈન્સ્ટ અને ટેરીરીસ્ટ અગેઈન્સ્ટ અંગે જનજાગૃતિ અભિયાન સાથે દિલ્હીથી ૨૪ સાઈકલ સવારોનું એક ગ્રુપ મોડાસા આવી પહોંચ્યું હતું. આ ગ્રુપ ૧૭ ડિસેમ્બરના રોજ દિલ્હીથી નીકળી ૮૦૦ કિમીનું અંતર કાપી મોડાસા આવી પહોંચ્યું હતું. આ ૨૪ સાયકલ સવારો પૈકી બે સાઈકલ સવારો સ્વીડન અને ઓસ્ટ્રેલિયાના જોડાયા હતા જનજાગૃતિ અભિયાન સ્પોન્સરશીપથી મળનારી રકમ બાળકો માટે કામ કરતી સંસ્થાઓને દાન કરવામાં આવશે.



ચારૂતર વિદ્યામંડળ સંચાલિત, બીવીએમ એન્જી. કોલેજ ખાતે ઈન્ટેલએચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ વિષય પર એક દિવસીય સેમીનારનું આયોજન થયું હતું. જેમાં જુદી જુદી પાંચ એન્જી. કોલેજના ૮૭ અધ્યાપકોએ ભાગ લીધો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથી તરીકે ડૉ. સુહાસ કુલકર્ણી (આસી. કંટ્રોલર ઓફ પેટેન્ટ એન્ડ ડીઝાઈન, મુંબઈ), ડૉ. મનીશ રછ (ડાયરેક્ટર એક્યુપ્રેસ લીમીટેડ), હરપ્રીત બેન્કર (એટર્ની તથા આઈપી કન્સલ્ટન્ટ, સતગુરૂ આઈપી), અનીલ કે. પાંડે (વડા સીઆઈઆઈ, અમદાવાદ), જગદીશભાઈ આઈ. પટેલ (ચેરમેન, જીઆઈડીસી), મનીશ કોઠારી (રીનો મશીન્સ) હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના તથા દીપ પ્રાગટ્યથી થઈ. સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. ઈન્દ્રજીત એન. પટેલ કોલેજની વિવિધ પ્રવૃત્તિ તથા રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ એક્ટીવીટી વિષે સૌને માહિતગાર કર્યા હતા. ડૉ. એલ.બી. ઝાલા (ડીન. III Cell)એ Industry Institute Intraction અંતર્ગત કોલેજમાં થઈ રહેલ એક્ટીવીટી વિષે માહિતગાર કર્યા. ડૉ.ડી.જી. ઠાકોર (કન્વીનર, TEQIP2) ટેકનીકલ ક્વોલીટી ઈમ્પ્રોવમેન્ટ પ્રોગ્રામ વિષે માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. મયુર એમ. સેવકે કર્યુ હતુ. આ સેમીનારમાં ડૉ. સુહાસ કુલકર્ણીએ આઈપીઆરનું મહત્વ તથા અલગ અલગ આઈપીઆર વિષે, ડૉ. મનીષ રછે પેટન્ટનું મહત્વ કેવી રીતે ફાઈલ કરવી તથા એકેડેમીક રીસર્ચ અને ડેવલોપમેન્ટમાંથી પેટન્ટ કઈ રીતે રજીસ્ટર કરવી તે સમજાવ્યું. હરપ્રીત બેન્કરે ટ્રેડમાર્ક અને કોપી રાઈટ વિષે તથા અનીલ કે. પાંડેએ પેટન્ટ તથા જીઓગ્રાફિકલ ઈન્ડિકેશન વિષે સૌને માહિતગાર કર્યા. કાર્યક્રમની આભારવિધિ ડૉ. જે.એન. જૈને (એસો.ડીન III Cell) કરી હતી.